AKILA, 21.2.92

# ગાંધી વિચારધારાને આ દેશમાં મૂળ સુધી પહોંચવા દેવાયેલ નહિં, માત્ર આદર્શવાદના ફ્રેમમાં મઢી દેવાયેલ છે

## ગાંધી ઈન્ફોર્મેશન ઝેન્ટ્રમ (બર્લીન)ના સ્થાપક પ્રમુખ પીટર ર્યુહે સાથે એક રસપ્રદ મુલાકાત

રાજકોટ, તા.૨૧ઃ (ગાંધી ઈન્ફોર્મેશન ઝેન્ટ્રમ (બર્લિન) ના સ્થાપક પ્રમુખ પીટર ર્યુહેના વ્યક્તિત્વનું મહત્વપૂર્ણ પાસુ છે, મોહનદાસ કરમચંદ ગાંધીના જીવન તથા કાર્યોમાં ઉંડો રસ..! આ રુચિના કારણે જ તેઓએ ભારત બહાર આઠ વર્ષના ટુંકા ગાળામાં ગાંધી વિચાર સરણીની યુરોપના દેશોને માહિતિ પૂરી પાડવા એક માત્ર પ્રતિષ્ઠિત અને મોટી સંસ્થા સ્થાપીલ છે. ગયા વર્ષે માર્ચમાં ગાંધી ઈન્ફોર્મેશન સેન્ટર દ્વારા 'ગાંધી મારી નજરે' ચિત્ર સ્પર્ધાનું આયોજન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પાંચસોથી વધુ સ્પર્ધકોએ હોંશભેર ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધાના દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તેમજ દરેક કક્ષાએ દસ ચુનંદા ચિત્રોને ઈનામ આપવામાં આવેલ. આ પૈકી સર્વોત્તમ ચિત્રને 'ધ બેસ્ટ પિકચર એવોર્ડ' તેમજ ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી. આ વર્ષે પણ શિયાળામાં પીટરે રાજકોટ ખાતે ચિત્ર-સ્પર્ધાનું આયોજન કરેલ, જેમાં સાતસો જેટલા સ્પર્ધકો (પ્રાથમિકથી કોલેજ કક્ષા સુધી) એ ભાગ લીધેલ. તા.૨૨મી ફેબ્રુઆરી (શનિવાર)ના રોજ રાષ્ટ્રીયશાળા ખાતે સાંજે ૪ વાગ્યે પીટરે ચિત્ર-સ્પર્ધાના વિજેતા બાળકોને ઈનામ વિતરણનું આયોજન કરેલ છે. આ પ્રસંગે શહેરની જાણીતી સાહિત્યિક-સાંસ્કૃતિક, કલાત્મક સંસ્થા, સંસ્કાર શિક્ષણ સેવા ટ્રસ્ટ પ્રેરિત 'શબ્દરંગ' સ્થાપિત 'મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર' નિમંત્રિતોની ઉપસ્થિતિમાં ગાંધીવાદી જર્મન અગ્રણી પીટર ર્યુહેને સમગ્ર વિશ્વમાં ગાંધી વિચારધારાને ચિત્ર-સ્પર્ધા, પ્રદર્શનો, ફિલ્મ, ટી.વી. પત્રકારત્વ તેમજ સાહિત્યના માધ્યમો દ્વારા અવિરત પ્રચાર-પ્રસાર કરવા બદલ અર્પણ કરવામાં આવનાર છે. આવી વિરલ પ્રતિભાનું સાક્ષાત્કાર-ભેટવાર્તા શ્રીમતિ કીર્તિદા 'ચંચલે' લીધેલ તે અત્રે પ્રસ્તુત છે.

પીટર ર્યુહે માને છે કે, 'ગાંધી વિચારધારાને આ દેશમાં મૂળ સુધી પહોંચવા દેવાયેલ નહિ તેઓને આદર્શવાદના ફ્રેમમાં મઢી દેવાયેલ છે અને આ કારણે જ મહાત્મા ગાંધી આજે પ્રવર્તમાન સમય પ્રવાહથી અલગ થઈ ગયા છે.'

ખાદીનો લહેંગો-ઝભ્ભો અને બગલ થેલો, પગમાં સાદા ચંપલ, ગુલાબી ફ્રેમમાંથી ડોકાતું શાંતિપૂર્ણ પ્રેમ સંદેશનું કોતુહલ એ છે પીટર ર્યુહેનું વ્યક્તિત્વ! અહિંના બાળકો માટે યોજેલ ચિત્ર-સ્પર્ધામાં જ્યારે તે એક-એક વિદ્યાર્થી પાસેથી પસાર થાય ત્યારે તે આપણાંમાંનો એક લાગે છે.

પીટર માને છે કે, 'ગાંધીજી પોતાના દેશમાં 'રાષ્ટ્રપિતા' તરીકે આદરપાત્ર મહાન વ્યક્તિ તરીકે ઓળખાય છે. ભારતના બધા શહેરોમાં ગાંધીની એક-એક પ્રતિમા મૂકવામાં આવેલ છે. ગાંધીજીની ઉપેક્ષા કરવા માટે (તેઓની



વિચાર-સરણીનો દરરોજના જીવન તથા વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં ઉપયોગ કરવો હોય ત્યારે) આ એક ઉત્તમ રીતે છે! અહીંના બાળકો તથા યુવાનો પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરે છે અને પોતાનો બુદ્ધિક્ષમતાનો વધુમાં વધુ ઉપયોગ તેઓ ઉચ્ચ યાંત્રિક શિક્ષણ માટે કરે છે... પરંતુ તેઓએ ગાંધીજીનો સત્ય, શાંતિ અને સ્વૈચ્છિક સાદગીના સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારી વિશ્વને વિષમ પરિસ્થિતિઓ સામે યોગ્ય-અસરકાર સંદેશો આપી શકે તેમ છે!'

પીટર ર્યુહે બિનવિવાદાસ્પદ વિચારો સાથે રચનાત્મક અભિગમ સાથે જીવતો બિનવિવાદાસ્પદ વ્યક્તિત્વનો સ્વામી છે! પીટર વર્તમાન સમયમાં ગાંધી વિચાર સરણીની મહત્તમ ઉપયોગિતા વિષે ભાર મૂકતા પોતાની વ્યથા ઠાલવતા 'અકિલા'ને જણાવ્યું હતું કે, 'જુદી જુદી વ્યક્તિઓએ પોતાના સ્થાપિત હિત માટે ગાંધીનો ઉપયોગ કર્યો છે અને જ્યારે પોતાનું સ્વાર્થ પૂર્ણ થઈ ગયેલ હોય ત્યારે તેઓ ગાંધીને અભેરાઈએ ચઢાવી દીધેલ છે! તેમના જીવનકાળ દરમિયાન બહુ થોડાક લોકો ગાંધીજીને સમજી શકયા હતા અને આજે તો નામ માત્ર લોકો પણ સાચા દિલથી ગાંધીને સમજી-સ્વીકારતા હોય એવા દ્રષ્ટિગોચર થતાં નથી...'

પીટર ર્યુહેને આજની પરિસ્થિતિમાં મહાત્મા ગાંધીના વિચારોની ભૂમિકા પ્રત્યે પોતાનો પ્રત્યાઘાત આપવા જણાવાયેલ ત્યારે તેમને કહ્યું હતું કે, 'ગાંધીજી પૂર્ણ સ્વરાજની વાત કરતા હતા, જ્યારે આજે રાજકીય સ્વરાજ માત્ર જ અસ્તિત્વમાં છે.'

આવી વિરોધાભાસી પરિસ્થિતિ વખતે પણ પીટર આશાવાદી છે, અને તેઓ માને છે કે ગાંધીજીને પુનઃ સ્થાપિત કરવા ભાવિ પેઢીના મનમાં ગાંધીજી વિષે સાચી સમજણ અને જિજ્ઞાસા ઉત્પન્ન કરવી જરૂરી છે, માટે તેઓ છેલ્લા બે વર્ષથી ત્રણ માસ ભારતમાં પસાર કરે છે. 'ગાંધી મારી નજરે' ચિત્ર-સ્પર્ધા યોજે છે અને આ સ્પર્ધામાંથી મળેલ શ્રેષ્ઠ-ઉત્તમ ચિત્રોના ગ્રિટીંગ કાર્ડ વગેરે તૈયાર કરી યુરોપના દેશોમાં ત્યાંના વિદ્યાર્થીઓ ભારતમાં ચિત્ર- સ્પર્ધક બાળકો સાથે પત્ર મૈત્રી બાંધે છે અને આ રીતે ગાંધી વિચાર-સમજણનો સેતુ સ્થપાય છે!

પીટર ર્યુહેની ઈચ્છા છે, કે ભારતના બાળકો યુવાનો ફરીથી ગાંધીને સમજે-જાણે અને રાષ્ટ્રપિતાના વિચારો દ્વારા વિશ્વને શાંતિ-પ્રેમ-સહકાર-સહઅસ્તિત્વ દ્વારા યુદ્ધ તથા વિનાશથી બચાવી શકાય.

અહી રાષ્ટ્રીયશાળા ખાતે તેઓએ આ વર્ષે સ્થાનિક મિત્રોના મદદથી ગાંધી એજ્યુકેશન એન્ડ રિસોર્સ સેન્ટરની સ્થાપના કરેલ છે, જ્યાં વિડીયો, ટી.વી., સાહિત્ય તથા મિત્રો દ્વારા ગાંધી વિચારને વધુ વ્યાપક અને મૂળ સુધી પહોંચાડી શકાશે.

પીટરને ખૂબ ખૂબ શુભેચ્છા.. !!!